તબીબી અભ્યાસક્રમના
જુનિયર-સિનિયર રેસીડન્ટ તબીબોના
સ્ટાઈપન્ડના દરોમાં વધારો કરવા બાબતે.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-એમસીજી/૧૦૦૯/૩/જ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:- ૧૨/૦૮/૨૦૧૫.

વંચાણે લીધા:-

(૧) આ.અને.પ.ક.વિભાગના તા.૧૯/૯/૨૦૦૯ તથા તા.૨૦/૦૨/૨૦૧૩ના સમાનાંકિ ઠરાવ.

(૨) અધિક નિયામકશ્રી ત.શિ.ની તા.૦૪/૦૭/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) જુનિયર ડોકટર્સ એસોસીએશનની તા.૦૬/૦૬/૨૦૧૫ની રજુઆત

આમુખ:-

રાજ્ય સરકાર દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમ ૧ ઉપરના તા.૧૯/૯/૨૦૦૯ના ઠરાવથી રેસીડન્ટ ડોકટરોના સ્ટાઈપન્ડમાં ઉક્ત ઠરાવની સાથે બિડેલ પત્રકમાં દર્શાવ્યા મુજબ તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીના સમય માટે નક્કી કરવામાં આવેલ હતાં.

જુનિયર ડોકટર્સ એસોસીએશનની ઉપર સંદર્ભ ૩ માં દર્શાવેલ તા.૦૬/૦૬/૨૦૧૫ની રજૂઆતથી તેઓના સ્ટાઈપન્ડમાં વધારાની માગણી કરેલ હતી. આ વિભાગના ઉપર સંદર્ભ ૧ માં દર્શાવેલ તા.૨૦/૨/૧૩ના ના ઠરાવથી તા.૧૯/૯/૦૯ના ઠરાવ સાથેના પત્રકમાં દર્શાવેલ રેસિડન્ટ ડોકટર્સ અને ઇન્ટર્નીસના સ્ટાઇપન્ડના દરોમાં ૪૦% નો વધારો તા.૩૧/૩/૧૫ સુધી અમલમાં રહે તે રીતે કરવામાં આવેલ હતો. ઉક્ત સ્ટાઇપન્ડના દરોની મુદત તા.૩૧/૦૩/૧૫ના રોજ પૂર્ણ થઈ ગયેલ હોવાથી તથા છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ મોંઘવારીના વધારાને ધ્યાને રાખીને ઉપર વંચાણે લીધેલ ક્રમ ૨ ઉપરની અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણની તા.૦૪/૦૭/૨૦૧૫ની દરખાસ્તથી રેસીડન્ટડોકટરો અને ઇન્ટર્નીઝના સ્ટાઈપન્ડના દરોમાં વધારો કરવા દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપુર્વકની વિચારણા અંતે રાજ્ય સરકાર મેડિકલ રેસીડન્ટ ડોકટર તથા ઇન્ટર્નીઝના સ્ટાઈપન્ડમાં અત્રેના તા.૨૦/૦૨/૨૦૧૩ના ઠરાવ મુજબ, તા. ૦૧/૦૪/૨૦૧૨ની સ્થિતીએ તેમના સ્ટાઈપન્ડના જે દર હતાં તેમાં ૪૮%નો વધારો કરવાનું આથી ઠરાવે છે. જે મુજબ હવે પછીથી મેડિકલ રેસીડન્ટ ડોકટર તથા ઇન્ટર્નીઝના સ્ટાઈપન્ડ નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

| Sr. No. | Designation | Stipend (in Rs.) |
|---|---|---|
| A | B | C |
| 1 | **Interns** | |
| | Medical | 10780 |
| 2 | **Medical Residents Degree** | |
| | 1st Year | 41440 |
| | 2nd Year | 42480 |
| | 3rd Year | 43510 |
| 3 | **Medical Residents (Superspeciality)** | |
| | 1st Year | 45580 |
| | 2nd Year | 47660 |
| | 3rd Year | 49730 |
| 4 | **Medical Residents Diploma** | |
| | 1st Year | 33150 |
| | 2nd Year | 33980 |
| 5 | **Senior Residents** | |
| | Senior Residents | 46000 |
| | Clinical Assistant. | 43510 |

૨. આ હુકમો તા.૦૧/૦૪/૨૦૧૫થી અમલમાં આવશે અને નવા સ્ટાઈપન્ડના દરો તા.૩૧/૦૩/૨૦૧૮ સુધી અમલમાં રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૭/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.ડી.વાઘેલા)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રી, નાણાના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર

માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર ૧૦, ગાંધીનગર.

અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર ૧૦, ગાંધીનગર.

ડીનશ્રી, સરકારી મેડિકલ કોલેજ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર.